અપીલ અરજી નં.૪૫૬ તા.૨૯–૩–૧૦

અરજદારઃ– શ્રી એસ.બી. લાલબેગી

સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ)

ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એસ.બી. લાલબેગીની તા.૬/૯–૧૧–૦૯ ની અરજીથી (૧) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને તા.૭–૯–૧૯૯૧ માં નિમણુંક આપવામાં આવી હતી તો તે ઓર્ડરની પ્રમાણિત નકલ આપવી. (૨) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને તા.૭–૯–૧૯૯૧ માં નિમણુંક આપેલ હતી ત્યારથી તો ૧૯૯૫ સુધી તેનાં પગાર સ્લીપમાં નિવૃતિ તા.૧૦–૫–૨૦૧૮ દર્શાવવામાં આવી હતી.વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૬/૨૦૦૯–૧૦

શ્રી એસ.બી. લાલબેગીની તા.૬/૯–૧૧–૦૯ ની અરજીથી (૧) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને તા.૭–૯–૧૯૯૧ માં નિમણુંક આપવામાં આવી હતી તો તે ઓર્ડરની પ્રમાણિત નકલ આપવી. (૨) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને તા.૭–૯–૧૯૯૧ માં નિમણુંક આપેલ હતી ત્યારથી તો ૧૯૯૫ સુધી તેનાં પગાર સ્લીપમાં નિવૃતિ તા.૧૦–૫–૨૦૧૮ દર્શાવવામાં આવી હતી.વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા બાબતે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ)ના પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૫ તા.૧૯–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧ તા.૩–૪–૧૦ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ) તથા અરજદારને અપીલમાં અપીલ અરજીની મુળ અરજીની નકલ તથા અરજી ફી ભર્યાની વિગતો તથા દિન–૭૦ ના વિલંબ અંગે આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજી બાબતે પ્રથમદર્શી રીતે તકરાર નિવારણનો કેસ જણાય છે જે અંગે સક્ષમ સત્તાને અલાયદી અરજી કરવાની રહે છે તેવું પણ જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર પીએચડી/પીઓ/આરટીઆઈ/૩ તા.૧૨–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૫ તા.૧૯–૧૨–૦૯ ના પત્રની નકલ, સા.સ. હુકમ ૭૬૯ તા.૧૨–૧૨–૭૪ ની નકલ, સા.સ.ઠ. નં.૨૩૧ તા.૭–૧૨–૮૨ ની નકલ, પીએચડી/ઈએસટી/૩૦૫૧ તા.૭–૯–૯૧ ના લાલ બેગી રામબાઈ બાબુલાલ ના હુકમની નકલ, સરકારી ખેતીવાડી માધ્યમિક શાળા વઘઈનું તા.૧૬–૧૨–૧૯૮૫ નું શાળા છોડયા બાબતની નકલ, ડાંગ જિલ્લાના સબ ડીવીઝન મેજીસ્ટ્રેટનું એફીડેવીટની નકલ, મજકુર કર્મચારીની સેવાપોથીની પ્રથમ પાનાની નકલ, અરજદારની ૯૧ થી ૯૬ વર્ષો પૈકી પ્રત્યેક વર્ષની એક પગાર સ્લીપની નકલ તથા નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર તરફથી મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્રની નકલ, મજકુર કર્મચારીનો નિમણુંક ઓર્ડરની નકલ, ઠરાવ નં.૨૩૧ તા.૭–૧૨–૮૨ અને ઠરાવ નં.૭૬૯ તા.૧૨–૧૨–૭૪ ની નકલ અત્રેના વિભાગને મળેલ છે. પરંતુ અરજદારે દિન–૭૦ વિલંબ અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની તા.૬/૯–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી મધ્યસ્થ મહેકમ વિભાગને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૫ તા.૧૯–૧૨–૦૯ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિવૃતિના આદેશ ડાંગ જિલ્લાના જુડીશીયલ મેજી સ્ટ્રેટની એફીડેવીટ પ્રમાણે જન્મ તારીખ ગણી નિવૃતિ ગણવાની રજૂઆત કરી તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે ૭૦ દિવસના વિલંબથી કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. જેથી પ્રથમ દર્શીયરીતે અપીલ અરજી ગ્રાહય રાખવાને પાત્ર રહેતી નથી તેમ છતાં આરટીઆઈ કાયદાની કલમ–૨૫ (૩) (એફ) ની જાહેર સત્તામંડળ ધ્વારા કાયદાના હાર્દ અને હેતુ અપનાવવા તથા અમલી કરણ સંદર્ભે પ્રયત્નોની જોગવાઈ ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવે છે જેમાં (૧) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને તા.૭–૯–૧૯૯૧ માં નિમણુંક આપવામાં આવી હતી તો તે ઓર્ડરની પ્રમાણિત નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજકુર કર્મચારીની નિમણુંક વખતે નામ શ્રી રામબાઈ બાબુલાલ લાલબેગી હતું તેમને સફાઈ કામદાર તરીકે આપવામાં આવેલ નિમણુંક અંગેનો ઓર્ડર નં.પીએચડી/ઈએસટી/૩૦૫૧ તા.૭–૯–૯૧ ની નકલ સાથે માહિતી આપેલ છે. સદર મુદ્દામાં અપીલમાં અરજદારને કોઈ તકરાર નથી. (૨) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને તા.૭–૯–૧૯૯૧ માં નિમણુંક આપેલ હતી ત્યારથી તો ૧૯૯૫ સુધી તેનાં પગાર સ્લીપમાં નિવૃતિ તા.૧૦–૫–૨૦૧૮ દર્શાવવામાં આવી હતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૩) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) ને ૧૯૯૬ થી જે પગાર સ્લીપ આપવામાં આવી તેમાં નિવૃત તા.૧૦–૫–૧૦ આપવામાં આવી છે. (૪) બંને પગાર સ્લીપમાં નિવૃતિ તારીખમાં તફાવત કેમ? તેના આધારભુત પુરાવા સાથે પ્રમાણિત નકલ આપવી. તેવા મુદ્દા નં.૨ થી ૪ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અને ૩ ની વિગતે બંને પગાર સ્લીપમાં તફાવત કેમ તે બાબતે જણાવવાનું કે શ્રીમતિ રમાબેન મહીડાની તા.૭–૯–૯૧ ના રોજ રેગ્યુલર પગારમાં નિમણુંક થતાં સેવાપીથી ભરતી વખતે તેઓ તરફથી રજૂ કરવામાં આવેલ લીવીંગ સર્ટીફીકેટ મુજબની જન્મ તારીખ તા.૧૦–૫–૧૯૫૨ સેવાપોથીમાં નોંધાયેલ છે. જે જન્મ તારીખ નકકી કરવા માટેનો ખુબ જ અગત્યનો અને સર્વત્ર ગ્રાહય રાખવામાં આવતો કાયદેસરનો વેલીડ પુરાવો છે. તે અનુસાર નિવૃત તારીખ તા.૧૦–૫–૨૦૧૦ થાય છે. તેમ છતાં તેમની રેગ્યુલર પગારમાં નિમણુંક થયા સમયે આપવામાં આવતા માસ્તર ડેટા આપવામાં થયેલ કારકુનની ભુલ/શરતચૂક ના કારણે ૧૯૯૧–૧૯૯૫ સુધી પગાર સ્લીપમાં નિવૃત તા.૧૦–૫–૨૦૧૮ આવી હતી તે બાબતેની થયેલ ભુલ સને ૧૯૯૬ માં ધ્યાને આવતાં નિવૃત તારીખમાં તા.૧૦–૫–૨૦૧૦ મુજબનો પગાર સ્લીપમાં સુધારો આપવામાં આવેલ છે. આમ પગાર સ્લીપમાં નિવૃત તારીખમાં કરવામાં આવેલ સુધારો મજકુરની સેવાપોથીમાં નોંધાયેલ લીવીંગ સર્ટીફીકેટ મુજબની જન્મ તારીખના આધારે જ કરવામાં આવેલ હોય તે કાયદેસર અને વેલીડ છે. જે બાબતે અરજદારે તકરાર લઈ આપેલ જવાબ બિન પાયાદાર જવાબદારી રહિતનો છે તા.૭–૯–૯૧ ના આદેશ પ્રમાણે શ્રીમતિ રમાબેન શશીકાંત મહીડા તા.૯–૯–૯૧ ના રોજ ફરજ પર હાજર થયેલ હતા તે સમયે જન્મના પુરાવા રૂપે સબ જયુડીશીયલ મેજીસ્ટ્રેટનો સોંગદનામું રજૂ કરવામાં આવેલ. જેમાં સ્પષ્ટ લખાણ છે કે તા.૧૦–૫–૧૯૫૨ ને બદલે તા.૧૦–૫–૧૯૬૦ લેવી અને તે પ્રમાણે જે તે સમયે સોંગદનામાનો ઉપયોગ થયો હતો માટે ૧૯૯૧ માં પગાર સ્લીપમાં નિવૃતિની તા.૧૦–૫–૨૦૧૮ આપવામાં આવેલી હતી જે કબુલ મંજુર છે. ૧૯૯૬ થી પગાર સ્લીપમાં નિવૃતિ તા. ૧૦–૫–૨૦૧૦ આપવામાં આવી છે તે ખોટી છે જે અમને કબુલ મંજુર નથી. સબ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ડાંગ આહવાનું સોંગદનામું અધિકૃત સક્ષમ અધિકારીએ આપેલ હોય તે કાયદેસર અને વેલીડ માટે લીવીંગ સર્ટીફીકેટનો આધાર હોવાથી કબુલ મંજુર નથી. સોંગદનામું કાયદેસર નથી વેલીડ નથી તો તેના દસ્તાવેજી આધાર પુરાવા પ્રમાણિત નકલ સાથે સહી સિકકા કરીને આપવા તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની તકરાર માહિતી સબંધે નહીં પરંતુ ફરીયાદ નિવારણને લગતી છે. વધુમાં અપીલ તબકકે તે પૂરક માંગણી છે. (૫) વર્ગ–૪ ના કર્મચારી માટે નિવૃતિ વય મર્યાદા ૬૦ વર્ષ નકકી કરવામાં આવી છે તો વર્ગ–૪ ના કર્મચારીને ગુજરાત રાજયના કયા ફાયનાન્સ હુકમના આધારે ૫૮ વર્ષે નિવૃત કરવામાં આવે છે.તેના આધારભુત પુરાવા પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી સુરત મહાનગરપાલિકામાં અધિકારી/કર્મચારીઓની ફરજીયાત નિવૃતિ માટે ૫૮ વર્ષની વય મર્યાદા ધી બીપીએમસી એકટ–૧૯૪૯ ની કલમ–૪૬૫(૧)(જી) અન્વયે સમગ્ર સભાના તા.૧૨–૧૨–૭૪ ના ઠરાવનં.૬૬૯ થી મંજુર કરવામાં આવેલ છે. તેમજ તે અંતર્ગત સા.સ.ઠ નં.૨૩૧ તા.૭–૧૨–૧૯૮૨ અનુસાર આજ દિન સુધી સુરત મહાનગરપાલિકાના તમામ અધિકારી/કર્મચારી/કામદારોને ૫૮ વર્ષની વયે જ વય નિવૃતિ કરવામાં આવે છે જે અંગેના બંને ઠરાવની નકલ અરજદારને આપવામાં આવેલ છે જે અરજદારે પૂરક વિગતોમાં રજૂ પણ કરેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં જવાબ પાટા ફેર આપવામાં આવેલ છે સરકાર સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક નવન/૨૬૮૮ –૧૪૫/૫ તા.૨૯–૧૦–૧૯૮૮ મુજબ નથી આપના ઠરાવ નં.૨૩૧ ક્ષતિ ભરેલો હોય ક્ષતિ સુધારવા વિનંતી છે. વર્ગ–૧,૨,૩ ના કર્મચારીઓ માટે નિવૃતિની વય મર્યાદા ૫૮ છે. જયારે વર્ગ–૪ ની નિવૃતિની વય મર્યાદા ૬૦ છે. જે વંચાણમાં લેવા વિનંતી. છે. સુરત મહાનગરપાલિકા ગુજરાત સરકારી નિગરાની હેઠળ અનુદાન પર કામ કરે છે માટે ગુજરાત સરકારના જે તે સમયના ઠરાવ પણ વંચાણે લેવા જોઈએ. સુરત મહાનગરપાલિકા સરકાર જે નાણાકીય બાબતનો ઠરાવ બહાર પાડે છે તેનો અમલ થાય છે તો નિવૃતિ બાબતનો નાણા ખાતાનો ઠરાવનો અમલ કેમ કરતાં નથી. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે તથા સુ.મ.ન.પા. ની હયાત નીતિને પડકારી તેમાં સુધારો કરવાને લગતી કાર્યવાહી વિષયક રજૂઆત છે માહિતી માંગણી જણાતી નથી. (૬) શ્રીમતિ રમાબેન શશીકાંત મહિડા (૧૪૧૯૧) એ તેમની જન્મ તારીખ સ્કુલ લીવીંગમાં ખોટી લખાઈ હોવાથી તેમની ખરી જન્મ તારીખ માટે મામલતદાર સમક્ષ હાજર રહી તેમની માતૃશ્રીએ સોંગદનામું કરાવેલ છે જેમાં તેમની જન્મ તારીખ ૧૦–૫–૧૯૬૦ લખાવેલ છે તો તેમના સોંગદનામું પ્રમાણે તેમની જન્મ તારીખ કેમ માન્ય રાખતા નથી જેના આધારભુત પુરાવા પ્રમાણિત નકલ સાથે આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મજકુર કર્મચારીની સેવાપોથીમાં તા.૧૦–૫–૧૯૫૨ ની જન્મ તારીખની નોંધ જન્મ તારીખ નકકી કરવા બાબતેનો કાયદેસરનો સર્વત્ર ગ્રાહય રાખવામાં આવતો સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના વેલીડ પુરાવાના આધારે જ કરવામાં આવેલ છે. ગુજરાત રાજય મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો–૨૦૦૨ માં જન્મ તારીખમાં ફેરફાર કરવા બાબતેના નિયમ–૪૦(૧), ૪૦(૨) (જી) અનુસાર જન્મ તારીખમાં સુધારો કરવા બાબતેની લેખિત રજૂઆત નોકરીમાં દાખલ થયા પછી ૫ વર્ષ સુધીમાં કરી દેવાની હોય છે. પરંતુ મજકુર ધ્વારા હાલમાં ૧૮ વર્ષ પછી જન્મ તારીખ બાબતે તેમની માતા ધ્વારા કરવામાં આવેલ સોંગદનામું રજૂ કરી સેવાપોથીમાં નોંધવામાં આવેલી જન્મ તારીખ ખોટી હોવાનું જણાવી નોકરીના વર્ષ વધારી આપવા બાબતે તા.૧૭–૭–૦૯ ના રોજ અરજી/રજૂઆત કરેલ છે. આથી વહીવટી દૃષ્ટિએ આ રજૂઆત ગ્રાહય રાખવાની થતી નથી. તદ ઉપરાંત આ બાબતે સરકારશ્રીના તા.૧૯–૪–૯૩ ના ઠરાવથી ખુબ જ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે " અમુક કિસ્સામાં કર્મચારી નિવૃત વયે નિવૃત થતા હોવા છતાં તેમને નિવૃત કરવામાં આવતા નથી અથવા તો એફીડેવીટ કરેલ જન્મ તારીખના આધારે તેની સેવા ચાલુ રાખવામાં આવે છે અને પાછળથી તેની વધારાની સેવા નિયમિત કરવાની રજૂઆતો કરવામાં આવે છે. સરકારે આ બાબતમાં નિર્ણય લીધો છે કે આ પ્રકારના કોઈ પણ કેસોને નિયમિત કરવા નહીં. કે વધારાની સેવાનું વેતન ચૂકવવું નહીં" આમ સરકારશ્રીના ગાઈડ લાઈન અનુસાર પણ સોંગદનામાં જેવા પુરાવાના આધારે મજકુરની જન્મ તારીખમાં ફેરફાર કરવા બાબતે કોઈ પણ પ્રકારનો નિર્ણય લઈ શકાય તેમ નથી/માન્ય રાખી શકાય તેમ નથી. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં મજકુર કર્મચારીના તા.૭–૯–૯૧ ના હુકમના આધારે તા.૯–૯–૯૧ ના રોજ પર્સોનલ ઓફિસરશ્રીને જરૂરી પ્રમાણપત્ર મેળવીને તેણીને નોકરીમાં લીધા હતા તે સમયે અધિકૃત સક્ષમ અધિકારી એટલે કે સબ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ડાંગ આહવાનો સોંગદનામું જ જન્મ તારીખના પુરાવા માટે આપવામાં આવ્યો હતો. જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે તા.૧૦–૫–૧૯૫૨ બદલે તા.૧૦–૫–૧૯૬૦ ગણવી જે દિવા જેવું સ્પષ્ટ હોવા છતાં બિન પાયાદાર જવાબ કરીને પાટાફેર જવાબ આપી ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે જે અમને મંજુર નથી. સને ૧૯૯૧ થી જ પગાર સ્લીપ આપવામાં આવી છે તે ખરી છે સને ૧૯૯૬ થી આપવામાં આવેલ પગાર સ્લીપ ખોટી બનાવી ખોટા માર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે જે કાયદેસર નથી તેમજ વેલીડ નથી. સોંગદનામું તા.૬–૧–૧૯૮૭ થી ઈસ્યુ કરવામાં આવેલ છે જયારે રમાબેન શશીકાંત મહીડા તા.૯–૯–૯૧ થી નોકરીમાં હાજર થયા છે. જેથી જન્મનું પ્રમાણપત્ર પાછળથી રજૂ કરેલ છે તે પણ કહેવાનું રહેતું નથી. જે અરજદારનો જન્મ તારીખ બાબતેની તકરાર નિવારણનો પ્રશ્ન રહેલ છે. (૭) પર્સોનલ ઓફિસર (આરોગ્ય) અસારાવાળા હોસ્પિટલ, સૈયદપુરા, સુરત માર્કેટને તા.૩૧–૮–૦૯ સ્મૃતિપત્ર તા.૧૫–૯–૦૯ થી જે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો છે તેનો આજ દિન સુધી પ્રત્યુત્તર નહી કરવાનું તેમજ કામને વિલંબમાં નાંખી સમય પસાર કરવા પાછળનું કારણ શું? તેવી માહિતી માંગવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે રમાબેન એસ. મહીડાની તા.૧૭–૭–૦૯ ની અરજીના અનુસંધાને શ્રી એસ બી. લાલબેગી (લીગલ એડવાઝઈર) ધ્વારા તા.૩૧–૮–૦૯ ના રોજ લેખિત રજૂઆત કરવામાં આવેલ છે. સદરહુ અરજી આદેશાનુસાર દફતરે કરવામાં આવેલ છે. તેમજ તે બાબતની જાણ આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હે અને હો) ના પત્ર નં. પીએચડી/પીઓ/૮૩૩ તા.૨૩–૧૧–૦૯ થી શ્રીમતિ રમાબેન એસ. મહીડાને તેમના રહેઠાણનું સરનામું ૫/૧૪૮૪, હરીપુરા હરીજનવાસ સુરત ખાતે રજીસ્ટર એડીથી કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં રમાબેન શશીકાંત મહીડાની અરજી કોઈ પણ નિર્ણય લેતાં પહેલા દફતરી આધાર આપના તરફથી આપવામાં આવ્યો નથી. તેથી જવાબ ગેરકાયદેસર અને પાટા ફેર હોવાથી કબુલ મંજુર નથી. જે કાર્યવાહી કરવામાં આવેલ છે તેના દસ્તાવેજી પુરાવાઓ આપી અરજી ફાઈલ થાય છે. એમને એમ ફાઈલ કરવામાં આવતી નથી. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં રજૂ કરેલ વિવાદી અને અરજદારની સેવાપોથીના પ્રથમ પાનાની નકલ જેમાં જન્મ તારીખની વિગત અરજદારને નિમણુંક સમયે ભરવામાં આવેલ છે તે રજૂ કરેલ છે. જેમાં અભ્યાસ ધોરણ–૧૦ પાસના કોલમની નીચે અરજદારની સ્વયં સહી પણ થયેલ છે. જે જોતાં તા.૭–૯–૯૧ નિમણુંક હુકમ પછી ભરાયેલ સેવાપોથી લખવામાં આવેલ જન્મ તારીખની નીચે અરજદારે સહી કરી લખાયેલ વિગત યથાર્થ હોવાનું સ્વયં સ્પષ્ટ કરેલ છે. ઉપરોકત બાબત જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતની માહિતી પૂરી પાડયાનું જણાય આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬/૯–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૫ અને ૭ અંગે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કાયદા અને નિયમની જોગવાઈ હેઠળ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. મુદ્દા નં.૨થી ૪ અને ૬ એ તકરાર નિવારણને લગતો પ્રશ્ન હોઈ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતીના ઈન્કાર કે ખોટી માહિતી સબબ પ્રસ્તુત તબકકે અપીલનું કારણ બનતું ન હોઈ તે અંગે અત્રેથી કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય મહેકમ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી એસ.બી. વાલબેગી, મિત્ર મદદનીશ